Title-Code:-GUJGUJ18109





www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT    ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર    Mo- 9016924808    સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-02, ISSUE- 17,(SURAT), DATE-16/10/2024, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૧૭, (સુરત), તા.૧૬/૧૦/૨૦૨૪ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 વ્યારામાં 'વિકાસ સપ્તાહ' અંતર્ગત ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ અપાઈ
3 મંત્રી મુકેશભાઈ પટેલના હસ્તે પ્રેમ એટલે શું ? પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું લેખક ડો. ધર્મેન્દ્ર પટેલ
4 બારડોલી વિભાગ રાજપૂત સમાજ ટ્રસ્ટ દ્વારા ગરબા મહોત્સવ નું આયોજન કરાયું હતું

## શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ, સુરત દ્વારા દશેરા ઉત્સવ ભવ્ય કાર્યક્રમ











શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ સુરત દ્વારા નવરાત્રી મહોત્સવની ઉજવણી બાદ દશેરા પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી કરવા આવી હતી. દશેરાના પર્વ નિમિત્તે સુરતમાં શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ સુરત દ્વારા દશેરા ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો.આ કાર્યક્રમમાં સમી પુજન, શસ્ત્ર પૂજન, શાસ્ત્ર પૂજન અને ગરબાનું ધામધૂમ આયોજન કરાયું હતું.જેમાં સુરતના તમામ જુદી જુદી જ્ઞાતિના બ્રાહ્મણ સમાજના ૪૦ થી વધુ સમાજના પરિવાર સાથે મોટી સંખ્યામાં ૧૫૦૦ થી વધુ લોકો એકત્ર થયા હતા. અને આ દશેરા ઉત્સવને ઉજવ્યો હતો. સુરતમાંમા અંબાના નોરતાના આરાધના સાથે દશેરા પર્વની ભવ્ય ઉજવણી કરી શકાય તે માટે આ વર્ષે શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ સુરત દ્વારા દશેરા ઉત્સવ શીર્ષક હેઠળ વિશેષ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું.સુરતમા દશેરા ઉત્સવની ઉત્સાહભેર ઉજવણી કરવા માટે શહેરમાં વસતા જુદા જુદા બ્રહ્મ સમાજની જ્ઞાતિના પરિવારજનો દ્વારા એકત્ર થયા હતા. જેમાં બ્રાહ્મણ સમાજન ૪૦ થી વધુ બ્રહ્મ સમાજની જ્ઞાતિઓના ૧૫૦૦ વધુ બ્રહ્મ પરીવારો દશેરા ઉત્સવની ઉજવણીમાં જોડાયા હતા. દશેરાના દિવસે દશેરા ઉત્સવ નિમિત્તે સુરતના જહાંગીરપુરા વિસ્તારમાં આવેલા મનપાના કોમ્યુનિટી પાર્ટી પ્લોટ ખાતે દશેરા ઉત્સવનું ભવ્ય આયોજન કરાયું હતું. જેમાં શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ દ્વારા ખાસ સમી પુજન, શસ્ત્ર પૂજન, શાસ્ત્ર પૂજન અને ગરબાનું ધામધૂમથી આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ સુરતના પ્રમુખ જયદીપભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે દશેરા ઉત્સવનો કાર્યક્રમ ૭ વાગ્યે શરૂ થયો હતો. જેમાં પહેલા શાસ્ત્રો વિધિ મુજબ સમી પુજન કરાયું હતું.ત્યાર બાદ જુદા જુદા પ્રકારના શસ્ત્ર અને શાસ્ત્રોનું પૂજન કરાયું હતું. કાર્યક્રમમાં હાજર અનેક લોકો દ્વારા પોતાના જુદા જુદા પ્રકારના શસ્ત્રો લાવવામાં આવ્યા હતા અને તમામ શસ્ત્રોનું દશેરા ઉત્સવ નિમિત્તે શાસ્ત્રો વિધિ મુજબ સામૂહિક પૂજન કરવામાં આવ્યું હતું. શસ્ત્ર અને શાસ્ત્રનું પૂજન થયા બાદ માતાજીના ગરબા નું પણ આયોજન કરાયું હતું. જેમાં કાર્યક્રમમાં ભાગ લેનાર મહિલા પુર પુરુષ અને બાળકો ઉત્સાહભેર ભાગ લીધો હતો. અંદાજે ૧,૫૦૦ થી વધુ સુરતમાં વસતા ભ્રમ પરિવારના સભ્યો આ કાર્યક્રમમાં ઉત્સાહભેર જોડાયા હતા.

## વિકાસ સપ્તાહ અંતર્ગત કુકરમુંડા પ્રાથમિક શાળા ખાતે ચિત્ર સ્પર્ધા અને નિબંધ સ્પર્ધા યોજાઈ





**તાપી-** સમગ્ર ગુજરાતમાં વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે તાપી જિલ્લા વહીવટી તંત્રના માર્ગદર્શન હેઠળ તમામ તાલુકાઓમાં અનેકવિધ કાર્યક્રમો યાજાઈ રહ્યા છે. ત્યારે આજે કુકરમુંડા તાલુકામાં આવેલ પ્રાથમિક શાળા કુકરમુંડા ખાતે વિકાસ સપ્તાહ અંતર્ગત ચિત્ર સ્પર્ધા અને નિબંધ સ્પર્ધાનુ આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં વિકાસ સપ્તાહને આવરી લેતા વિષયો ઉપર વિદ્યાર્થીઓએ ચિત્રો તથા નિબંધો લખ્યા હતા. આ કાર્યક્રમમાં કુકરમુંડાના મામલતદારશ્રી ઉપસ્થિત રહી સૌ બાળકોને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. અંતમાં તમામ શાળાના બાળકો સહીત ઉપસ્થિતિ મહેમાનો,શિક્ષકોએ ભારત વિકાસના શપથ ગ્રહણ કર્યા હતા.

## ઓલપાડ તાલુકા કક્ષાના વિજ્ઞાન મેળામાં ગણિત વિજ્ઞાન પ્રદર્શન માં પ્રાથમિક શાળા ટકારમા નો પ્રથમ ક્રમાંક



**ઓલપાડ-** તારીખ ૧૦-૧૦-૨૦૨૪ ને ગુરૂવાર ના રોજ સૌદામીઠા આશ્રમ શાળામાં ઓલપાડ તાલુકા કક્ષાનું ગણિત વિજ્ઞાન પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

જેમાં ઓલપાડ તાલુકાની ૫૫ જેટલી પ્રાથમિક શાળાઓએ પોતાની શ્રેષ્ઠ કૃતિ રજુ કરી હતી. તે પૈકી વિભાગ -૪ ગાણિતિક નમૂનાઓના વિભાગ માં પ્રાથમિક શાળા ટકારમા દ્વારા જમીન માપણી યંત્ર ની કૃતિ રજુ કરી હતી.

આ કૃતિ નો વિભાગ -૪ માં પ્રથમ ક્રમ આવ્યો હતો તથા આ કૃતિ તૈયાર કરનાર બાળ વૈજ્ઞાનિકો રાઠોડ વંશિકા અશોકભાઈ તથા રાઠોડ કશિશ અશ્વિનભાઈ તથા માર્ગદર્શક શિક્ષક શ્રી રાકેશભાઈ પટેલ નું ટ્રોફી તથા પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. હવે પછી આ કૃતિ જિલ્લા કક્ષાના ગણિત વિજ્ઞાન પ્રદર્શન માં રજુ કરવામાં આવશે.









દિપાળી નિમિત્તે ''ગુજરાત આત્મીયતા'' અખબાર દ્વારા તા. ૩૦/૧૨/૨૦૨૪ ના રોજ દિવાળી વિશેષાંક-૨૦૨૪ પ્રકાશીત થનાર છે. જેમાં આપની પોતાની શુભેચ્છા જાહેરાત, રોજગાર ધંધા, નોકરી, બર્થ ડે, ઘર, ગાડી-લે-વેંચ જેવી જાહેરાતો રાહત દરે છપાવો અને આપણી બહોળી પ્રસિધ્ધી મેળવો....!!!



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# જિલ્લા માહિતી કચેરી-આહવા ખાતે આયોજિત વિકાસ પ્રદર્શન ને ખુલ્લુ મુક્તા ક્લેક્ટર મહેશ પટેલ



**ડાંગ: આહવા :** નવરાત્રિ અને દશેરાના પાવન પર્વે, ડાંગ જિલ્લા માહિતી કચેરી-આહવા ખાતે આયોજિત વિકાસ પ્રદર્શન ને, ડાંગ કલેક્ટર શ્રી મહેશ પટેલે ખુલ્લુ મૂકી, જિલ્લાના પ્રજાજનોને તેની મુલાકાત લેવાની અપીલ કરી છે.

રાજયના તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ, જે તે સમયે ગુજરાતને ચિંધેલા વિકાસ માર્ગ ઉપર આગળ વધી રહેલી, વર્તમાન મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની સરકારના વિકસિત ગુજરાતથી વિકસિત ભારત ના પગલાઓને સચિત્ર રજૂ કરતાં આ પ્રદર્શનના માધ્યમથી, ૨૩ વર્ષોના દિશાનિર્દેશનનુ નિદર્શન કરી માહિતી ખાતાએ, 'વિકાસ સપ્તાહ' ઉજવણીના શ્રેણીબદ્ધ કાર્યક્રમોમા વધુ એક મોરપીછ ઉમેર્યું છે તેમ, કલેક્ટર શ્રી મહેશ પટેલે આ વેળા તેમની પ્રતિક્રિયા આપતા જણાવ્યુ હતુ.

PWD કોલોની ખાતે કાર્યરત જિલ્લા માહિતી કચેરીના પટાંગણમા આયોજિત આ પ્રદર્શનની, જિલ્લાના 'સોશિયલ મીડિયા ચેમ્પિયન્સ' એવા ઇન્ફ્લુએંઝર્સએ પણ જાતમુલાકાત લઈ અહીંથી ઉપલબ્ધ કરવાયેલા રાજય સરકારના પ્રકાશનો, યોજનાકીય સાહિત્યની ઉપયોગિતા વર્ણવી હતી.

દરમિયાન ડાંગ કલેકટરશ્રીનુ માહિતી પરિવારવતી, માહિતી મદદનીશ ઉમેશ ગાવિતે પુષ્પગુચ્છ આપી સ્વાગત કર્યુંહતુ. આ વેળા અન્ય મહાનુભાવો તથા પ્રદર્શન નિહાળવા પધારેલા લોકોએ, આ પ્રદર્શનને મન ભરીને માણવા સાથે, અહીંથી વિના મૂલ્યે ઉપલબ્ધ કરવાયેલા, રાજય સરકારના યોજનાકીય સાહિત્યની સરાહના પણ કરી હતી.

**આ પ્રદર્શનના માધ્યમથી, ૨૩ વર્ષોના દિશાનિર્દેશનનુ નિદર્શન કરી માહિતી ખાતાએ, 'વિકાસ સપ્તાહ' ઉજવણીના શ્રેણીબદ્ધ કાર્યક્રમોમા વધુ એક મોરપીછ ઉમેર્યું છે તેમ, કલેક્ટર શ્રી મહેશ પટેલે આ વેળા તેમની પ્રતિક્રિયા આપતા જણાવ્યુ હતુ.**

# વ્યારામાં 'વિકાસ સપ્તાહ' અંતર્ગત ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ અપાઈ






**તાપી** - ૦૭ થી ૧૫ ઓક્ટોબર-૨૦૨૪ સુધી 'વિકાસ સપ્તાહ'ની ઉજવણી અંતર્ગત તાપી જિલ્લામાં વિવિધ તબક્કે અનેક કાર્યક્રમો યોજાઈ રહ્યાં છે. આ ઉજવણીના ભાગરૂપે તાપી જિલ્લા ખેતીવાડી વિભાગના માર્ગદર્શન હેઠળ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિ. દ્વારા વિકાસ સપ્તાહ શૃંખલા અંતર્ગત પ્રાકૃતિક ખેતી અને ખેડૂત કલ્યાણ દિવસ નિમિતે રવિવાર, તા.૧૩નારોજ તાલીમ આપવામાં આવી હતી. જેમાં ખેડૂતો તેમજ મહિલાઓ ઉપસ્થિત રહી પ્રાકૃતિક કૃષિના માધ્યમથી દેશના વિકાસમાં પોતાની સહભાગીતા નોંધવવા સંકલ્પ લીધો હતો. આ તાલીમમાં બાગાયત, ખેતીવાડી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર તેમજ વિવિધ સંસ્થાઓ દ્વારા અમલિકૃત યોજનાઓની વિવિધ માહિતી, કૃષિ વિષયક તાંત્રિક માહિતી તેમજ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

તાપી જિલ્લો સંપુર્ણ પ્રાકૃતિક ખેતી કરતો જિલ્લો બને તે માટે આત્મા પ્રોજેક્ટ, જિલ્લા ખેતીવાડી કચેરી તેમજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા અનેક પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ પ્રકારની તાલીમ થકી ખેડૂતો ખેતરમાં પાક અને અન્ય વ્યવસ્થા અંગે તેમાંથી સીખ મેળવી શકે છે. તાલીમ સાથે ભારત વિકાસ પ્રતિજ્ઞા લઈ ગુજરાત સરકાર દ્વારા કૃષિ ક્ષેત્રે લેવામાં આવતા નવચરો અંગે શોટ ફિલ્મ નિહાળવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ખેતીવાડી વિભાગ,આત્મા તેમજ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના અધિકારી-કર્મચારીઓ દ્વારા પ્રાકૃતિક ખેતી કરતા સફળ ખેડૂતોના ઉદાહરણો, ગાય આધારિત ખેતીના ફાયદા, પ્રકૃતિમાં રહેલ ઔષધી અને હેલ્ધી ફાર્મિંગ વિશે વિગતવાર જાણકારી આપી હતી. કાર્યક્રમમાં ડીજીવીસીએલ દ્વારા ખેડૂતોને ઈલેક્ટ્રીસીટી અંગે મળતા લાભોની માહિતી જુ.એન્જિનિયર દ્વારા આપવામાં આવી હતી. ઉપરાંત ખેડૂતોના અનુભવો જણાવી પ્રાકૃતિક ખેતીની પ્રક્રિયા, બિયારણ, વાવણી, ખાતર અને જંતુ નિયંત્રણ વિશેની વિગતવાર માહિતી આપી, સાથે જ પ્રાકૃતિક ખેતીથી ઉત્પન્ન થયેલ ઉત્પાદનોના વેચાણ અને મૂલ્યવર્ધન વિશે પણ વિશેષ માર્ગદર્શન આપ્યું હતું. તાલીમ દ્વારા પ્રભાવીત થઇ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી તરફ વળવા ઉત્સાહ બતાવ્યો હતો.

આ તાલીમમાં જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી ચેતન ગરાસીયા, વૈજ્ઞાનિક અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વડા ડો.સી.ડી પંડ્યા, નાયબ ખેતી નિયામક શ્રી એસ.યુ પટેલ, નાયબ બાગાયત નિયામક શ્રી ટી.એમ ગામીત, આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી એ.કે પટેલ વગેરે અધિકારીઓ કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં ખેડૂતો અને મહિલાઓ જોડાયા હતા.

# કેફી પીણું પીવડાવી દાગીના અને રોકડ સેરવી લેનાર વિરૂદ્ધ ફરિયાદ

આંબોલી- રાજકોટથી લક્ઝરી બસમાં કામરેજ આવી રહેલા ૩૫ વર્ષીય વેપારીને બસમાં કેફી પીણું પીવડાવી સોનાના ઘરેણા સહિત રોકડ લૂંટી લેતાં ભોગ બનેલા ડાકોરના ઇસમ સામે કામરેજ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.રાજકોટના ૩૫ વર્ષીય દિવ્યેશ ગોવિંદભાઈ પાઘડા ચારેક વર્ષ અગાઉ ગ્રીનલેન્ડ ચોકડી રાજકોટથી રામરાજ ટ્રાવેલર્સમાં સુરતના કામરેજ ખાતેની જયોતિ પાર્ક સોસાયટી ખાતે રહેતા સંબંધીને ત્યાં આવવા નીકળ્યા હતા. બસમાં સાથે બેઠેલા અજાણ્યા ઈસમે દિવ્યેશભાઇની મનાઈ છતાં અવાર નવાર નાસ્તો કરવા કહેતા બિસ્કીટ અને ઠંડુ પીણું પીધું હતું.

ત્યારબાદ તેઓ સૂઇ ગયા હતા. બીજે દિવસે વહેલી સવાર તેઓ કામરેજ ઉતરી જોતા ગળામાંની સોનાની ચેન તેમજ વીટી અને ખીસામાં રોકડા ૧૫ હજાર ગાયબ હતા. તુરંત કામરેજ સંબંધી ના ઘરે પહોંચી સાઈ હોસ્પીટલમાં સારવાર માટે દાખલ કરાયા હતા. પરિસ્થતિ પામી ગયેલા અને ભોગ બનેલ દિવ્યેશભાઈની પોતાની સાથે બનેલી ઘટના માનસ પટલ પર છવાતા રાજકોટથી સાથે બસમાં બેઠેલા ઈસમે ઘેન યુક્ત બિસ્કીટ અને ઠંડુ પીણું પીવડાવી ગળામાંથી ૨ લાખની સોનાની ચેન,૨૫ હજારની સોનાની વીટી તેમજ પેન્ટના ખિસ્સા માંથી રોકડા રૂપિયા ૧૫ હજાર મળી કુલ ૨.૪૦ લાખના મુદ્દામાલની ચોરી કરી નાસી ગયાનું ધ્યાને આવ્યું હતું.

ફરિયાદના દસેક દિવસ પહેલા કેફી પીણાં યુક્ત બિસ્કીટ ખવડાવી ચોરી વાળી ઘટનામાં પોલીસે પકડેલા આરોપીનો ફોટો દિવ્યેશભાઈને રાજકોટ પોલીસે બતાવતા આરોપીએ લીંબડી નજીકની હોટલમાં તેમની સાથે ચા નાસ્તો કર્યો હતો. તેમજ સીસીટીવી ફૂટેજમા દેખાતા ઇસમનું નામ મહેન્દ્ર હરૂભા ઉર્ફે હરીસિંહ ચુડાસમા રહે.

ડાકોર બંશી એપા. હોવાની વિગત જણાય આવી હતી. ઘટનાને પગલે દિવ્યેશ પાઘડાએ પકડાયેલા આરોપી સામે સોનાના ઘરેણાં તેમજ રોકડ મળી કુલ ૨.૪૦ લાખના મુદ્દામાલ ચોરી લીધાની ફરિયાદ ગત રોજ કામરેજ પોલીસ મથકે નોંધાવી હતી.




## બારડોલી તાલુકા કક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શન ૨૦૨૪-૨૫ માં વિભાગ-3 માં વરાડ મિશ્ર પ્રાથમિક શાળાની કૃતિ પ્રથમ ક્રમે આવી



જી.સી.ઈ.આર.ટી ગાંધીનગર તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સુરત પ્રેરિત બી.આર.સી ભવન બારડોલી આયોજિત બીઆરસી કક્ષાનું ગણિત વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન વર્ષ ૨૦૨૪ ૨૫ માં ખોજ કેન્દ્ર શાળા મુકામે યોજાયેલ ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં વરાડ મિશ્રાશાળાના શિક્ષિકા બહેન શ્રીમતી શીતલબેન રમેશભાઈ ઠાકોરના માર્ગદર્શન હેઠળ બાળ વૈજ્ઞાનિક પૂજા સંજયભાઈ હળપતિ અને મહેક જીગ્નેશભાઈ હળપતિએ વિભાગ - 3 નૈસર્ગિક ખેતી માં દેશી ગાય આધારિત સજીવ ખેતી કૃતિમાં ભાગ લીધો હતો જેમાં પ્રથમ ક્રમે આવતા શાળા પરિવાર અને આચાર્યશ્રી જીગ્નેશભાઈ ચૌધરી દ્વારા ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. તેમજ જિલ્લા કક્ષાએ ભાગ લઈ પ્રથમ ક્રમ મેળવે એવી શુભકામનાઓ પાઠવી હતી.

## બારડોલી સ્થિત શ્રી સાંઈ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીત શ્રી સત્ય સાઈ હોસ્પિટલ દ્વારા ૬૧૨ મો આઈ કેમ્પ નું સફળ આયોજન કરાયું




**બારડોલી**—બારડોલી સ્થિત શ્રી સાંઈ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીત શ્રી સત્ય સાઈ હોસ્પિટલ દ્વારા ૬૧૨ મો આઈ કેમ્પ નું તા. ૧૫/૧૦/૨૦૨૪ મંગળવાર ના રોજ સફળ આયોજન કરાયું હતું.

આ કેમ્પમાં મોતીયાના ઓપરેશનનો લેન્સ સાથે નિઃશુલ્ક કરવામાં આવ્યું હતું. તેમજ દર્દી તથા તેમના સગાને ભોજન (નારાયણ સેવા) જયાબેન ગણપતભાઈ પટેલ, નગોડ તરફથી રાખવામાં આવ્યું હતું.

બારડોલી સ્થિત શ્રી સાંઈ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીત શ્રી સત્ય સાઈ હોસ્પિટલ દ્વારા દાંત વિભાગ અને ફિઝીયોથેરાપી વિભાગ સવારે ૯ થી ૫ કલાક સુધી ચાલે છે. અને બધુ જ સારવાર મફત આપવામાં આવે છે. જરૂરીયાત મંદ લોકોને લાભ લેવા વિનંતી.

# શિક્ષણ એવી મિલકત છે કે તે કોઈ લઈ કે ખરીદી શકતું નથી : ધારાસભ્ય નરેશ પટેલ



ચીખલી- ચીખલી તાલુકાના સાદકપોર ગામમાં ૧.૩૫ કરોડના ખર્ચે નિર્માણ કરાયેલ ૧૦ પ્રાથમિક શાળાના ઓરડાનું ધારાસભ્યના હસ્તે લોકાર્પણ કરાતા સ્થાનિકોમાં આનંદની લાગણી છવાઈ હતી. સાદકપોર ગામની મુખ્ય પ્રાથમિક શાળામાં ૧૫૩ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે અને આઠ શિક્ષકો ફરજ બજાવે છે. આ પ્રાથમિક શાળાનું સર્વ શિક્ષા અભિયાન અને નાણાંપંચની ૧.૩૫ કરોડની માતબર ગ્રાન્ટમાંથી ૧૦ અદ્યતન ઓરડાનું નિર્માણ કરાતા ધારાસભ્ય નરેશભાઈ પટેલના હસ્તે જિલ્લા પંચાયત સભ્ય દીપાબેન પટેલ, સ્થાનિક અગ્રણી અને એપીએમસીના પૂર્વ ચેરમેન કિશોરભાઈ, તાલુકા પંચાયત પ્રમુખ રાકેશભાઇ, ઉપપ્રમુખ રમેશભાઇ, પૂર્વ જિલ્લા પંચાયત સભ્ય કૌશિકભાઈ, પૂર્વ સરપંચ આશાબેન હળપતિ, હાઈસ્કૂલના આચાર્ય ભરતભાઇ તથા ગ્રામજનોની ઉપસ્થિતિમાં લોકાર્પણ કરાયું હતું. શરૂઆતમાં એપીએમસીના પૂર્વ ચેરમેન કિશોરભાઈ પટેલે ઉપસ્થિતોને આવકારી પ્રાથમિક શાળાના ઓરડાના નવનિર્માણ મકાન માટે તમામને અભિનંદન પાઠવ્યા હતા. ધારાસભ્ય નરેશભાઇ પટેલે જણાવ્યું હતું કે ભાજપ સરકાર ઘરઆંગણે બાળકોને અદ્યતન સુવિધા સાથે ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે કટિબદ્ધ છે.




## ભાવપુર્ણ શ્રધ્ધાંજલિ




ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

Date-16/10/2024 Wednesday

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......

## દુઃખ નો બધાને કંટાળો, સુખ સૌને જોઈએ



તંત્રી- હિમાંશુસિંહ ઠાકોર

તે માત્રને માત્ર મનની નિર્મળતા, નિરાસક્તતા, નિર્મોહીતા, અને નિરહંકારતા દ્વારાજ પ્રાપ્ત થાય છે, તે માટે ધ્યાનનો આશરો લ્યો, એટલે કે જયારે માણસ પોતે જ પોતાની રીતે સત્વસંશુધ્ધ, સત્ય સંશુધ્ધ અને તત્વસંશુધ્ધ થઈને અહકાર અને તમામ પ્રકારના આંતર દ્રદ્રથી મુક્ત થાય છે, ત્યારેજ તેને પોતાના જીવનમાંથી જ સાચું સુખ, શાંતિ અને આનંદનો અનુભવ થાય, અને જીવનમાંથી જ જીવનની તૃપ્તિ પ્રાપ્ત થાય છે. આજ જીવન જીવવાની સત્ય સ્વરૂપ રીત છે. માનવ જીવનમાં કોઈ પણ પ્રકારનું વિષય સુખતો આજ છે,અને કાલે નથી, એટલે કે તે અનિત્ય છે, એટલે જ જ્ઞાની માણસ કદી પણ બાહ્યય ઈન્દ્રિય સુખ પર આધાર રાખીને રહેતો જ નથી, તે સદાય આંતર સુખ શાંતિ પોતાના શુધ્ધ મનને શુધ્ધ કરી સ્થિર કરી એ દ્વારા ઉપલબ્ધ કરે છે. માનવ જીવનમાં કોઈ પણ પ્રકારની પરાધીનતા એ દુખ છે, અને સ્વાધીનતા સ્વતંત્રતા એ જ સુખ છે,પરાધીનતાનો અર્થ બીજાની ગુલામી સ્વીકારવી બીજાને ત્યાં બુધ્ધિ ગીરો મૂકવી બીજાનું માની ને ચાલવું તે જીવનની મહા મૂઢતા છે, જીવનમાં મૂઢતા એટલે જેને જાણતા જ નથી, તેમ છતાં કહેવું કે પથરાની મૂર્તિમાં પરમાત્મા બિરાજે છે, તે માંગો તે આપે છે, એમ લોકોને કહેવું તે મૂઢતા છે. ત્યાં બિરાજતા જ નથી તે સો ટકા સત્ય છે, આવી મૂઢતા એ જ દુખ છે, તે કદી જીવનનો આનંદ પામી શકે નહિ.

આમ માનવ જીવનમાં સંશય અને શંકા રહિત સત્ય સ્વરૂપ વિવેકમાં સ્થિરતા આત્મિક શ્રધ્ધા આત્મિક આસ્થામાં અને અભિપ્સામાં સ્થિરતા એજ સાચું સુખ છે, કારણ કે આમા આત્મિક સત્યતાની સ્થિરતા પ્રાપ્ત હોય છે, એટલે અભયની સ્થિતિ છે, જયાં અભય ત્યાં જીવનમાંથી ભ્રમ,ભય અને ભ્રમજાળની વિદાય થાય છે, તે પછી પથરામાં પરમાત્મા છે તેનો સ્વીકાર કરે જ નહિ આત્માના પરમાત્માનો સ્વીકાર કરે, એટલે આંતરીક શાંતિ સુખ પ્રાપ્ત થાય છે. આજ સુખ અને શાંતિ પ્રાપ્ત કરવાનો સત્યનોમાર્ગ છે. આપણે સૌ સુખી થવા દોડીએ છીએ પણ જેમ જેમ સુખ પ્રતિ આપણે વિશેષ આગળ જઈએ છીએ, તેમ તેમ એ આપણાથી દુરને દુર ભાગતું જ જાય છે, કારણ કે બહાર સુખ છે, જ નહિ તે તો આત્મામાંજ રહેલું છે, એટલે જ પરમ જ્ઞાનીને મન આત્માનું જ્ઞાન જ ઉચ્ચમાં ઉચ્ચ આનંદ આપે છે. આમ સુખ મેળવવા માટે ઈન્દ્રિય તૃપ્તિ અથવા ભૌતિક પદાર્થો સાવજ નકામા છે,જીવનમાં સુખ શબ્દ નહિ જાણતો માણસ પણ જીવનના અંતિમ શ્વાસ સુધી સુખનો શાંતિનો આનંદનો અનુભવ મેળવવા સદાય મથ્યા જ કરે છે પણ મેળવી શકતો નથી. જગતમાં દરેક વ્યક્તિ દરેક પ્રાણી સુખેચ્છું જ હોય છે,બીજાનું જ સુખ જોઈને દુખી થનાર કદી પણ સુખી થઈ શકતો જ નથી, તેમ જ પોતાની જાતને સુખી માનતો નથી તે ક્યારેય સુખી હોતો જ નથી, અને સુખ શાંતિ અને આનંદ પામવા માટે પાગલની માફક જયાં ત્યાં ભટકો નહિ અને જીવનમા ભય ભિત થાવ નહિ. અને જે જોઈએ છે, તે મેળવી ને જ જંપવું એ કદાચ સફળ માણસની નિશાની હશે,પણ જે મળ્યું હોય એમાંજ સ્વસ્થ ચિત્તે જીવવું એ જ સાચા સુખી માણસની નિશાની છે, એટલું જાણો જીવનમાં જેટલી જરૂરિયાત ઓછી એટલું સુખ વધુ એ શાશ્વત સિધ્ધાંત છે તેનું પાલન કરો અને બધું જ સુખ આત્મિક સત્યમા અને નિર્દોષતામાં જ સમાયેલું છે, માટે દ્રદ્ર રહિત બની અંતરાત્માના સત્યને જાણી આત્મિક સત્યના આધારે જીવન જીવે જાવ ક્યાંય દુખ ભટકાશેજ નહિ.

ઈનોવા કાર ભાડે થી મળશે

૫-સિટર
૭-સિટર



સંપર્ક- અનિલભાઈ
મો.97242 60058




સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431

બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત


## મંત્રી મુકેશભાઈ પટેલના હસ્તે પ્રેમ એટલે શું ? પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું લેખક ડો. ધર્મેન્દ્ર પટેલ






જેવું વાવો તેવું ઊગે કહેવતને માત્ર કહેવત ગણવાં કરતા અનુભવ વધારે કહી શકીએ. એને જ ધ્યાને રાખી એવું કહેવામાં જરાય અતિશયોક્તિ નથી કેજીવનમાં જેવા વિચારો વાવીએ તેવી જિંદગી ઊગે. જીવનનું ઘડતર કરવા વિચારશક્તિનો એક મજબુત સ્ત્રોત છે પુસ્તકો. પુસ્તકોને મિત્ર, માર્ગદર્શક, શિક્ષક અને સાથી જેવી અનેક ઉપમાઓ આપવામાં આવી છે. અનેક લોકોના જીવનમાં પુસ્તકોએ મહત્વની ભૂમિકા ભજવી છે. જેમણે પણ પુસ્તકનો સહારનો લીધો તે માનવી ક્યારેય નિરાશ નથી થયો. પુસ્તકો હંમેશા આપણને કંઈકને કંઈક આપે છે. કલમ ઉપાડી પુસ્તક સર્જન કરવાનો પ્રયાસ ન કરી શકીએ પરંતુઆંખ ઉઘાડી પુસ્તકને વાંચવાની ક્ષમતા તો બધા પાસે છે ચિત્રલેખાએ ગુજરાતી સાહિત્યને અનેક નવાં વિચારો અને કલ્પનાશક્તિ પ્રદાન કરનાર લેખકો સાથે પુસ્તકના મહત્વ વિશે વાત કરી હતી. આજે ટેક્નોલોજીના યુગમાં પુસ્તકના મહત્વ પર લેખકોનું શું કહેવું છે અને તેમનું પ્રિય પુસ્તક કયું છે ? લેખક ડો. ધર્મેન્દ્ર પટેલ ગામ- ભાડુંત, તાલુકો - ઓલપાડ, જિલ્લો- સુરત હાલ કોબા પ્રાથમિક શાળામાં પ્રિન્સિપાલ તરીકે ફરજ બજાવે છે. અને એમનું આ પ્રથમ પુસ્તક લખ્યું છે પ્રેમ એટલે શું ? જેમાં આજની યુવા પેઢીને અનેક પ્રકારના પ્રશ્નો ઉદ્ભવતા હોય છે. એનું નિરાકરણ માટે ખૂબ જ ઊંડાણપૂર્વક લેખ અલગ અલગ મુદ્દાઓ ને ધ્યાનમાં લઈને આ પુસ્તક લખવામાં આવ્યું છે. આ પુસ્તક નો હેતુ એ જ છે કે આજની યુવા પેઢી ને સારા માર્ગે લઈ જવા માટેના પ્રયત્નો કરવામાં આવ્યા છે દશેરાના દિવસે શુભ મુહૂર્ત અને માનનીય મંત્રીશ્રી ના વરદ હસ્તે પ્રથમ પુસ્તક સુરત ગ્રામ્ય વિસ્તારમાં આવે પ્રથમ ઘટના કે ગામડાના છેવાડાના ગામના જેમણે એક સારા વિચાર સાથે આ પુસ્તકનું લેખન કર્યું છે. અત્યાર સુધીના રેકોર્ડમાં ગ્રામ્ય વિસ્તારમાં પ્રથમ પુસ્તક લખનાર ડો. ધર્મેન્દ્ર પટેલ દ્વારા લખવામાં આવ્યું છે. માનનીય મંત્રીશ્રીના વરદ હસ્તે આજે એ પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું.

## ડોલવણના ઉમરવાવદુર ગામમાં દીપડાને પકડવા પાંજરૂ ગોઠવાયુ



બુહારી- ડોલવણ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં હજુ પણ દીપડાનો કહેર હજુ પણ યથાવત રહ્યો છે. તાપી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લાં ઘણા સમયથી દીપડાએ આંતક મચાવ્યો હતો ઠેર ઠેર દીપડાઓ રહેણાંક વિસ્તારમાં આવી ચડતાં લોકોમાં ડરનો માહોલ સર્જાયો હતો, જે બાબતનો અહેવાલ પ્રસિદ્ધ થતાં જ વનવિભાગ દ્વારા પાંજરું ગોઠવવામાં આવ્યું છે.

ઉમરવાવદૂર ગામમાંથી મરઘાં કૂતરાં બિલાડાનો શિકાર કર્યો છે જેને પગલે સ્થાનિક લોકોમાં ડરનો માહોલ સર્જાયો છે. ડોલવણ તાલુકાના ઉમરવાવદુર, ગારપાણી સહિતના ગામોમાં દીપડાએ મરઘાં કુતરાં બિલાડાનો શિકાર કર્યો છે, જેને પગલે સ્થાનિક લોકોએ બહાર નીકળવું મુશ્કેલ બન્યું છે. ચાર દિવસ પહેલા ઉમરવાવદૂર ગામના જુનીનિશાળ ફળિયામાં રહેતા હેમંતભાઈ ભરતભાઈ ચૌધરીની ગાડીની સામે આવી ગયો હતો. જોકે ગાડીના ડ્રાઈવરે હિંમતભેર ગાડીની લાઈટ ચાલુ કરીને દીપડાને ભગાડ્યો હતો.

ઉમરવાવદુર ગામમાં હિંસક દિપડાને પકડવા માટે વારંવાર રજુઆત કરવામાં આવી હતી છતાંય પણ સંબંધિત તંત્ર દ્વારા કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવી ન હતી. જે બાબતનો અહેવાલ પ્રસિદ્ધ થતાં જ વનવિભાગ દ્વારા ઉમરવાવદુર દેગડી ફળિયામાં પાંજરું ગોઠવવામાં આવ્યું છે.

## નેશનલ હાઈવે ૫૩ જમીન સંપાદનમાં ખાતેદારોને હાઈકોર્ટના હુકમ મુજબ વળતર આપવા માગ



વ્યારા- વાંસદાના ધારાસભ્ય અને અન્ય આગેવાનોની હાજરીમાં કલેક્ટરને રજૂઆત, ઉગ્ર આંદોલનની ચીમકી

વ્યારા કલેક્ટર કચેરીએ નેશનલ હાઈવે નંબર-૫૩ નિર્માણ સમયે થયેલી જમીન સંપાદન અંગે નામદાર હાઈકોર્ટના હુકમ મુજબ વળતરની રકમ ખાતેદારોને તુરંત આપવાં વાંસદાના ધારાસભ્ય અનંત પટેલ તેમજ આગેવાન યુસુફ ગામીત સહિત મોટી સંખ્યામાં ખેડૂત ખાતેદારો ઉપસ્થિત રહી કલેક્ટર કચેરીએ રજૂઆત કરી હતી

વ્યારામાં અપાયેલ આવેદનમાં જણાવ્યા મુજબ તાપી જિલ્લામાંથી પ્રસાર થતાં નેશનલ હાઈવે નંબર-૫૩ ના નિર્માણ માટે તાપી જિલ્લાના ખેડૂતોની કિંમતી જમીનોનું સંપાદન કરવામાં આવેલ અને ખેડૂતોની જમીન સંપાદન કર્યા બાદ આર્બિટ્રેટર અને કલેક્ટર દ્વારા ૦૨/૦૧/ ૨૦૧૫ના રોજ વળતરની રકમ ચૂકવવા હુકમ કરેલ હોય જેમાં ખેડૂતોની કિંમતી જમીનો નો ભાવ ખુબજ ઓછો ગણવામાં આવેલ હતો. જેથી તે હુકમથી નારાજ થઈ જિલ્લાના ખેડૂતો નામદાર દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં વિવિધ એપલીકેસન નંબર : ૧૩૫૧૦/ ૨૦૧૫, ૨૨૮૧/૨૦૧૬ અને ૮૪૦૩/ ૨૦૧૬ કરવામાંઆવેલ હતી. જે કામે નામદાર કોર્ટ દ્વારા તારીખ : ૨૯/૦૮/૨૦૨૩ ઓર્ડર કરવામાં આવેલ અને સુપ્રિમકોર્ટના યુનિયન ઓફ ઈન્ડિયા વિરૂધ્ધ તસ્સેમસિંહના કેસ નંબર : એસ.એલ.પી. (સી) નંબર ૯૫૯૯/ ૨૦૧૯ તારીખ : ૧૯/૦૯/૨૦૧૯ ના હુકમ મુજબ જમીન સંપાદનનું વળતર ચૂકવવા જણાવેલ છે. જો ઉપરોક્ત હુકમની જાણ ખેડૂતોને નાયબ કલેક્ટર અને પ્રાંત અધિકારીની કચેરી વ્યારાના ૦૯/૦૪/૨૦૨૪ ના પ્રત્રથી કરી છે અને ઉપરોક્ત મુજબ સુધારેલ વળતરની રકમની એક કેલ્ક્યુલેશનસીટ પણ મોકલવામાં આવેલ હતી. પરંતુ ત્યાર બાદ ઉપરોક્ત વિષયના અનુસંધાને આપની કચેરી દ્વારા સંપૂર્ણ નિરસતા દેખાડી કોઈ નકકર પગલા લેવામાં આવેલ ન હોય અને જિલ્લાના અસરગ્રસ્ત ખેડૂતોને કોઈ વળતરની રકમની ચૂકવણી કરવામાં આવેલ ન હોય, આમ ગરીબ ખેડૂતોને તેઓના હકની રકમની ચૂકવણી કરવામાં ગલ્લા-તલ્લા કરતી આવેલ છે.

## આ ઘરડો રોકાશે નહી, ભલેને ૯૦નો થઈ જાય’, ચૂંટણીની જાહેરાત પહેલા શરદ પવારનું નિવેદન



મહારાષ્ટ્રની વિધાનસભા ચૂંટણીની આજે જાહેરાત થવાની છે. ચૂંટણી પંચ બપોરે પ્રેસ કોન્ફરન્સ કરીને તારીખોની જાહેરાત કરશે. આ દરમિયાન સીનિયર નેતા શરદ પવારનું નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું કે ભલે મારી ઉંમર ૮૪ વર્ષ છે, પરંતુ હું રોકાવાનો નથી. એટલું જ નહી ભલે મારી ઉંમર ૯૦ વર્ષ થઈ જાય પરંતુ હું આ રીતે કામ કરતો રહીશ. શરદ પવારનું કહેવું છે કે તે મહારાષ્ટ્રને યોગ્ય માર્ગે લાવીને જ રહેશે અને આ માટે દરેક સમયે કામ કરશે. તેમનો ઇશારો અજીત પવાર તરફ હતો. શરદ પવાર હાલ એનસીપી-એસપીના નેતા છે. તેમણે આ નવી પાર્ટી ત્યારે બનાવવી પડી હતી જયારે ગયા વર્ષે અજીત પવાર બળવો કરી અલગ થઈ ગયા હતા.

શરદ પવારે એક કાર્યક્રમ દરમિયાન મહારાષ્ટ્ર સરકાર તરફથી જાહેર લાડકી બહેન યોજના પર પણ નિશાન સાધ્યું. તેમણે કહ્યું કે ’બહેન તો બારામતીમાં પણ હતી પરંતુ ત્યાં તેમની સામે ચૂંટણી લડવામાં આવી. પહેલા તો બહેન વિરુદ્ધ ચૂંટણી પ્રચાર થયો અને લડત કરવામાં આવી. તે બાદ જયારે લોકસભા ચૂંટણીના પરિણામ આવ્યા તો તે બહેનને યાદ કરવા લાગ્યા. અમારી સામે સવાલ એ છે કે આખરે મહારાષ્ટ્ર કોના હાથમાં રહેવું જોઈએ. આ સામાન્ય લોકોના હાથમાં રહે કે પછી કોઈ અન્યને કમાન મળે.’પવારે કહ્યું કે તમે જયારે પણ સમાચાર પત્ર ખોલો છો તો એક નવી સ્કીમ વાંચો છો. ક્યારેક તે બહેનો વિશે હોય છે. દરેક બહેનનું સન્માન કરે છે. પરિવારમાં તે સૌથી મહત્ત્વની હોય છે અને તેનું સન્માન કરવાથી તમામને ખુશી મળે છે પરંતુ મહત્ત્વનું એ છે કે ગત ૧૦ વર્ષોમાં બહેનોને યાદ કરવામાં આવી નથી. દેવેન્દ્ર ફડણવીસના સમયમાં સમગ્ર ૫ વર્ષ વીતી ગયા અને બહેનોની યાદ આવી નહી. તે બાદ પણ બહેનોને યાદ કરવામાં આવ્યા નહી. તેમની યાદ તે સમયે આવી, જયારે લોકસભા ચૂંટણીમાં ૪૮માંથી ૩૧ બેઠકો મહાવિકાસ અઘાડીએ જીતી લીધી.

PAGE -04
Date-16/10/2024 Wednesday
ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# બારડોલી વિભાગ રાજપૂત સમાજ ટ્રસ્ટ દ્વારા ગરબા મહોત્સવ નું આયોજન કરાયું હતું

## ગરબા મહોત્સવ માં સુરત, તાપી, નવસારી જિલ્લા માંથી કુલ ૪૧ ટિમો ભાગ લઈ ૫૦૦ થી વધુ મહિલા સભ્યો ભાગ લઈ મહિલા શશક્તિકરણ નું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું











બારડોલી વિભાગ રાજપૂત સમાજ ટ્રસ્ટ અને બારડોલી રાજપૂત યુવા સંગઠન દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ નું કરવામાં આવ્યું હતું. રાજપૂત સમાજ ની મહિલા સંગઠન મજબૂત બને એ હેતુ સાથે ગરબા મહોત્સવ નું બારડોલી ટાઉન હોલ ખાતે આયોજન કરાયું હતું. સુરત અને તાપી, નવસારી જિલ્લા માંથી રાજપૂત સમાજ ની મહિલાઓ ની ૪૧ જેટલી ટિમો એ ભાગ લીધો હતો. તમામ ટિમો એ રાસ , ગરબા , શેરી ગરબા ની આહલાદક કૃતિ ઓ રજૂ કરી હતી. અને ૫૦૦ થી વધુ મહિલાઓ ને મંચ આપવા માટે રાજપૂત સમાજ ના શ્રેષ્ઠ સંગઠન નું ઉદાહરણ પુરૂ પાડ્યું હતું.

ગરબા મહોત્સવ માં ભાગ લેનાર માટે સ્પર્ધા નહીં પરંતુ ભાગ લેનાર તમામ ને બારડોલી વિભાગ રાજપૂત સમાજ ટ્રસ્ટ અને યુવા સંગઠન ટિમ દ્વારા લ્હાણી આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ માટે બારડોલી વિભાગ રાજપૂત સમાજ ટ્રસ્ટ , યુવા સંગઠન ટિમ તેમજ મહિલા ટિમ એ ભારે જહેમત વડે કાર્યક્રમ ને સફળતા અપાવી હતી.

રાજપૂત સમાજ એક મંચ ઉપર આવી સંગઠન શક્તિ પણ મજબૂત બને તે હેતુ સાથે આયોજન કરાયાં નું સમાજ ના પ્રમુખ ભુપેન્દ્રસિંહ સોલંકી એ મત વ્યક્ત કર્યો હતો. રાજપૂત સમાજ ની મહિલા ઓ એક જગ્યા એ ભેગી તે હેતુ સાથે ગરબા મહોત્સવ નું આયોજન કરાયું હતું . ગરબા મહોત્સવ માં ગરબા મહોત્સવ સાથે સાથે દાતા ઓ નું સન્માન કરાયું હતું. સુરત જિલ્લા પંચાયત ના પ્રમુખ તેમજ વિસ્તાર ના અનેક સામાજિક , સહકારી , રાજકીય અગ્રણીઓ નું પણ બારડોલી વિભાગ રાજપૂત સમાજ ટ્રસ્ટ દ્વારા સન્માન કરાયું હતું.

# શ્રી શાંતારામ ભટ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ મોતામાં રતન ટાટાના જીવન ઉપર વ્યાખ્યાનનું આયોજન






**મોતા-** શ્રી મોતા કેળવણી મંડળ સંચાલિત શ્રી શાંતારામ ભટ ઇંગ્લિશ મીડિયમ શાળામાં ૧૫ ઓક્ટોબરે ધોરણ ૧૧ અને ૧૨ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓમાં દેશના મહાન પ્રખ્યાત ઉદ્યોગપતિ એવા આદરણીય રતન ટાટાના જીવન, સખત પરિશ્રમ અને સ્થિતિસ્થાપકતા જેવા ગુણો વિદ્યાર્થીઓમાં કેળવાય અને ભવિષ્યમાં તેઓ પણ એમના પંથે ચાલીને આગળ વધે એ હેતુથી વિદ્યાર્થીઓને તેમના જીવન અને કવનની ઝાંખી કરાવવામાં આવી હતી.રતન ટાટાનું જીવન દરેક નાગરિક માટે પ્રેરણારૂપ છે.

તેમના નિર્ણયો, દયા, ઉદારતા આપણને બતાવે છે કે સફળતા માત્ર મહાનતા પ્રાપ્ત કરવા માટે જ નથી પણ અન્ય લોકો પર સકારાત્મક અસર કરવા માટે પણ છે. એ ઉદ્દેશ્યને ફલીતાર્થ કરવા એસ . ડી. જૈન કોલેજના અનુભવી વ્યાખ્યાતા શ્રી મનીષભાઇ પાઠક દ્વારા તૈયાર કરવામાં આવેલી સ્વર્ગસ્ત શ્રી રતન ટાટાની ઓટોબાયોગ્રાફી બતાવી વિદ્યાર્થીઓને પ્રેરણા આપવાના પ્રયાસને માટે મંત્રી રમેશભાઈ પ્રમુખ નવીનભાઈ તથા આચાર્યા દિપીકાબેન દેસાઈએ અભિનંદન પાઠવ્યાં હતાં.

# માતા પિતાઓને નમ્ર વિનંતી

### ફક્ત ૧૫ મિનીટનો સમય કાઢીને તમારા બાળકોને નીચે લખેલી વાતો વાંચી સંભળાવો: બની શકે છે કે તેનાથી તેમનું જીવન બદલાઈ જાય: રતન ટાટાની અમૂલ્ય શિખામણ જે વિદ્યાર્થીઓને શીખવવામાં નથી આવતી



રતન ટાટાએ એક શાળામાં ભાષણ દરમ્યાન ૧૦ વાતો જણાવી હતી જે વિદ્યાર્થીઓને નથી શિખવવામાં આવતી.

૧. જીવનમાં ઉતાર ચઢાવ આવતા જ હોય છે તેની આદત પાડો. ૨. લોકોને તમારા સ્વાભિમાનની નથી પડી હોતી. પહેલા તેના માટે પોતાને સાભિત કરો. ૩. કોલેજનો અભ્યાસ પુરો થાય એટલે ૫ આંકડાના પગારનું ના વિચારો, એક રાતમાં કોઈ વાઈસ પ્રેસીડેન્ટ ન બની શકે, તેના માટે સખત મહેનત કરવી પડે. ૪. અત્યારે તમને તમારા શિક્ષક કડક

અને ભયાનક લાગતા હશે કેમ કે બોસ નામના પ્રાણીનો તમને પરિચય નથી થયો. ૫. તમારી ભૂલ, હાર વગેરે ફક્ત ને ફક્ત તમારા જ છે તેના માટે બીજાને દોષ ન આપો. ભૂલમાંથી શીખીને આગળ વધો. ૬. તમને અત્યારે જેટલા નિરસ અને

કંટાળાજનક તમારા માતા પિતા લાગે છે એટલા તે તમારા જન્મ પહેલા નહોતા. તમારૂં પાલન પોષણ કરવામાં તેમણે એટલું કષ્ટ ઉઠાવ્યું કે તેમનો સ્વભાવ બદલાઈ ગયો. ૭. કોન્સોલેશન પ્રાઇઝ ફક્ત શાળાઓમાં જ જોવા મળશે બહારની દુનિયામાં હારવા વાળાને મોકો નથી મળતો. ૮. જીવનની શાળામાં ધોરણ અને વર્ગ નથી હોતા અને ત્યાં મહીનાનું વેકેશન પણ નહીં મળે. ત્યાં તમને કોઈ શિખવાડવા વાળું પણ નહીં હોય, જે કંઈ કરવાનું હશે તે જાતે જ કરવું પડશે. ૯. ટીવીમાં દર્શાવાતું જીવન સાચું નથી હોતું અને જીવન ટીવીની સીરીયલ નથી. જીવનમાં આરામ નથી હોતો. ત્યાં ફક્ત કામ, કામ અને કામ જ હોય છે. તમે ક્યારેય વિચાર્યું છે કે લકઝરી કલાસની કાર (જેવાર, હમ્મર, બીએમડબલ્યુ, ઓડી, ફેરારી) જેવી કારની જાહેરાત ટીવી પર કેમ નથી આવતી? કારણ કે તે કાર બનાવતી કંપનીઓને ખબર છે કે આવી કાર લેનાર વ્યક્તિ પાસે ટીવી સામે બેસવાનો ફાલતુ સમય નથી હોતો. ૧૦. સતત ભણતા અને સખત મહેનત કરતા પોતાના મિત્રોની મશ્કરી ન કરો, એક સમય એવો આવશે કે તમારે તેના હાથ નીચે કામ કરવું પડે.

જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

દિવાળી નિમિત્તે સ્પેશિયલ ઓફર



વેપારી ભાઈઓ માટે દિવાળી પર્વ નિમિત્તે જાહેરાત માટેની ખાસ ઓફર ફક્ત... પેપરમાં જાહેરાતના પૈસા ચૂકવી... ગુજરાત આત્મીયતા- ડિજિટલ મીડિયા તથા સોશિયલ મીડિયાના વેબ પેજ ના માધ્યમથી ફ્રી માં પ્રચાર નો લાભ લેવા સંપર્ક કરો...

નોંધ- આ ઓફર ફક્ત લાભ પાંચમ સુધીની છે



સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

# સોનગઢ નગરપાલિકા દ્વારા જાહેર સ્થળોની દિવાલો ઉપર ચિત્રો બનાવીને વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી



**તાપીઃ** સોનગઢ નગરપાલિકા દ્વારા જાહેર સ્થળોની દિવાલો ઉપર ચિત્રો બનાવીને વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી

૧૫ દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વણથંભી વિકાસ યાત્રાના ૨૩ વર્ષ પૂર્ણ થયાના અવસર નિમિતે રાજયમાં વિકાસ સપ્તાહ તરીકે ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણીના અંતિમ દિને તાપી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રદર્શનો, વોલ પેઈંટિંગ, સ્પર્ધાઓ જેવા કાર્યક્રમ યોજી સમાપન કરવામાં આવ્યું હતું.

આજે વિકાસ સપ્તાહ અંતર્ગત સોનગઢ નગરપાલિકા દ્વારા સોનગઢ શહેરને સ્વચ્છ સુઘડ કરવાની સાથે કલાત્મક કરવામાં આવ્યું હતું. સ્વચ્છતાની થીમ પર સોનગઢ નગરપાલિકા વિસ્તારના બસ સ્ટેન્ડ રોડ, મેઇન બજાર રોડ,સરકારી શાળાઓની દીવાલો તેમજ શહેરના મુખ્ય રસ્તાઓ પર પ્રખ્યાત જાહેર સ્થળોની દિવાલો ઉપર ભીત ચિત્રો બનાવીને વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.

# દિવાળી ટાણે હથિયાર ઝડપાયું: પલસાણા પોલીસે દેશી હાથ બનાવટની પિસ્ટલ સાથે એકને ઝડપી પાડ્યો, ૧ વોન્ટેડ



બારડોલી- સુરત જિલ્લામાં પલસાણા પોલીસની ટીમે એક ઇસમને દેશી હાથ બનાવટની પિસ્ટલ તથા બે જીવતા કારતુસ સાથે ઝડપી પાડ્યો હતો. પોલીસ આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જયારે એકને વોન્ટેડ જાહેર કર્યો છે.

મળતી માહિતી મુજબ તહેવાર ટાણે સુરત જિલ્લામાં પલસાણા પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન પલસાણા મેઘા પ્લાઝા પાસેથી પોલીસે કરણ સંતોષ ચોરસીયા (ઉ.૨૩)ને ઝડપી પાડ્યો હતો. આરોપી મૂળ ઉતર પ્રદેશના જોનપુર જિલ્લાનો વતની છે અને સુરત જિલ્લામાં તે પલસાણા ગામમાં રહે છે.

પોલીસે તેની પાસેથી એક દેશી હાથ બનાવટની પીસ્તોલ તેમજ બે જીવતા કારતુસ, એક મોબાઇલ ફોન મળી કુલ ૩૫,૪૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ બનાવમાં પોલીસે દેશી હાથ બનાવટની પીસ્તોલ તથા જીવતા કારતુસ પૂરા પાડનાર અંકિત ઉપાધ્યાય નામના ઇસમને વોન્ટેડ જાહેર કરી આર્મ્સ એક્ટ અંગેનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).